## ગાંધીનગર મને ગમે છે...



**પ્રતિમા રસિકલાલ પરીખ**
**સે. ૮**

જ્યારે પહેલી વખત અમે ગાંધીનગર આવ્યા ત્યારની રોનક કંઈક અલગ જ હતી. ગ્રામ્ય વિસ્તાર, દરેક જગ્યાએ વધારે પડતા આંબાના ઝાડ, આસોપાલવ, ખેતર અને રંગબેરંગી ફૂલોની મહેંક. ઈ.સ. ૧૯૬૯માં પ્રથમ વખત ગામડાની બસમાં આવ્યા ત્યારે જે મજા આવી હતી તેની તો વાત જ અલગ હતી.

ગુજરાતનું પાટનગર ગાંધીનગર. સે. ૨૮માં ઓફિસ અને સે. ૨૯માં રહેવાનું. સાંજે સંધ્યાકાળ પછી તો બહાર જવાનું જ નહીં ભેગા થઈને આનંદ-કિલ્લોલ કરવાનો. પહેલા ઘરમાં જ વિજળી હતી બહાર તો લાઈટ નહોતી. ફક્ત અમુક જગ્યાએ ફલડ લાઈટો હતી. વળી થિયેટર નહોતું તેથી ભીંત ઉપર સરકાર તરફથી પિક્ચર (રજાના દિવસે) બતાવાતુ હતુ.

પ્રથમ અધિવેશનનો પ્રોગ્રામ થયો. તે વખતે ગાંધીનગરની રોનક કંઈક અલગ જ હતી. આખા ગુજરાતમાંથી લોકોનો સમુદાય, રાજકારણી અને ગાડી તથા બસની ચહલપહલની રોનકની તો વાત જ અલગ હતી.

ધીમે ધીમે ગાંધીનગરમાં વસ્તી વધી. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, માઉન્ટ કાર્મેલ, ગવ. સ્કૂલ તો ખરીજ. સેક્ટર-૩૦ હતા. પણ ધીમે ધીમે સેક્ટરોનો વિકાસ થયો. ૨૮માં બગીચો હતો, નાના છોકરાઓ માટે ટ્રેઈન હતી. નાવ પણ હતી. દર રવિવારે ભેગા થઈને ઉજાણી કરીએ અને ઉનાળામાં ઝાડ ઉપરથી કેરી ખાવાની મજા તો કંઈક અલગ હતી.

સેક્ટર-૨૯માં ચ-ટાઈપના મકાનમાં પછી ઘ-ટાઈપ અને તે બાદ જી-વન અને હાલ સે. ૮ માં પ્રાઈવેટ મકાનમાં. ૫૪ વર્ષથી અમે ગાંધીનગરમાં રહીએ છીએ. અમારૂ પ્યારૂ વતન જ થઈ ગયુ છે. બીજે જઈએ પણ ગાંધીનગર એટલું આનંદદાયક અને કુદરતી વૈભવ એટલો અનેરો છે કે તેને તમે ભુલી જ ના શકો. અહીંના વિષે શું લખું અને શું ના લખુ ? કેટલું લખુ, અહીં જે આનંદ કર્યો છે તે ભુલી શકાય એવો નથી. કુદરતમાં ફરવાનું અને લ્હેર કરવાની અવારનવાર કલાકારોના પ્રોગ્રામ, નવરાત્રી કંઈ જ ભુલી શકાય એમ નથી.

મારા ઘરવાળા ગવ.માં એંજી. તરીકે કામ કરતા હતા. હવે તો રીટાયર થયે પણ કેટલા વર્ષો થયા પણ તે વખતની જે મજા કરી તે હજી ભુલી શકાય તેમ નથી. સરકીટહાઉસ, મિનિ.ના બંગલા બધું જ પાયાથી લઈને પુરૂ થાય ત્યાં સુધીનું કામ, નદી કિનારે ફરવાનું, કુદરતનો કરિશ્માનો આનંદ ભુલી શકાય તેમ નથી.

# ગંભીર બેદરકારી : સચિવાલયના પડછાયામાં જર્જરિત મકાનમાં ધમધમતી શાળા

## ખંડેર મકાનોમાં ચાલતી આ શાળા ગમે ત્યારે ધરાશાયી થવાની સંભાવના : નોટિસ બોર્ડ લગાવ્યા છતાં જર્જરિત મકાનોમાં શાળા ધમધમી રહી છે






ગાંધીનગર, તા. ૧૫ શહેરમાં સરકારી કચેરીઓના પડછાયામાં ભયજનક મકાનોમાં નાના બાળકોનું શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે. એક તરફ તંત્ર દ્વારા મોટુ બોર્ડ લગાવવામાં આવ્યું છે કે ''આ મકાન ભયજનક છે આ મકાનમાં પ્રવેશ કરવો નહીં આ મકાનથી દૂર રહેવું હુકમથી'' ત્યારે આંખ આડા કાન રાખી વર્ષોથી અહીંયા બાળકોના જીવના જોખમે આ મકાનમાં શાળા ધમધમી રહી છે. ૧૯૯૬ થી આ શાળા અહીંયા કાર્યરત છે. જે તે સમયે મકાનની હાલત સારી હતી પરંતુ ગાંધીનગરમાં મોટાભાગના સરકારી ક્વાટર્સ જર્જરિત હાલતમાં થઈ ગયેલા હોવાથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા નોટિસો લગાવવામાં આવી હતી કે આવા મકાનોમાં કોઈએ રહેવું નહીં. તેમ છતા સેક્ટર-૧૭ના આ જર્જરિત મકાનોમાં રહેવાસીઓ પણ છે અને શાળા પણ કાર્યરત છે. નોટિસ બોર્ડ તો જાણે શોભાના ગાંઠ્યા સમાન હોય તેમ લટકાવી રાખ્યા છે. આ જર્જરિત મકાનો ગમે ત્યારે ધરાસાઈ થઈ શકે તેવી હાલતમાં જોવા મળી રહ્યા છે. જેમાં વર્તમાન સમયમાં જુનિયર કે.જી. થી ૧૦ માં ધોરણના બાળકોનું શિક્ષણ ચાલી રહ્યું છે. જેમાં એક વર્ગમાં ૩૦ વિદ્યાર્થી હોય છે. આ જર્જરિત ઈમારતો ધરાશાયી થાય તો કોની જવાબદારી રહેશે. આ શાળામાં બાળકોને શિક્ષણ આપી રહેલા શિક્ષકોને પણ આ બાબતે સહેજ પણ સભાનતા જોવા મળી રહી નથી. કોરોના મહામારીમાં બે વર્ષ આ શાળા બંધ રહ્યા બાદ ઓફલાઈન શિક્ષણ શરૂ થતા ફરીથી શાળાઓ શરૂ થતાં વાલીઓ પણ આ શાળામાં ઉત્સાહપૂર્વક પોતાના બાળકોને મુકી જાય છે. જાણે આ નોટિસ બોર્ડ કોઈને નજરે ચઢ્યુ જ નથી. આટલું મોટું બોર્ડ તો કોઈ પણ વ્યક્તિને નજરે પડી જાય પરંતુ આ શાળાના સંચાલકો, શિક્ષકો, બાળકોના પરિવારવાળાઓ તથા જવાબદારતંત્ર શેની રાહ જોવે છે તે વિચારવાની બાબત છે. જ્યારે આ મકાન ધરાશાયી થશે ત્યારે આ બધાની આંખો ખૂલશે.

ગાંધીનગર શહેરનો આ એવો માર્ગ છે જ્યાં સરકારી ઓફિસરોનું આવનજાવન થાય છે. આ ખંડેર મકાનોની આગળ તો એક બસ સ્ટોપ પણ છે તો કોઈની નજર કેમ નથી ગઈ હજુ સુધી? આટલી બધી ગંભીર બેદરકારી સામે કોણ પગલા લેશે ?

ભારતીય વિદ્યાનિકેતન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર, સે. ૧૭, ૨૪૦/૨ વર્ષ ૧૯૯૬ થી કાર્યરત છે. જેમાં ત્રણ માળની બિલ્ડિંગમાં નીચેના બે મકાનોમાં શાળા કાર્યરત છે. જેમાં પ્રવેશતાની સાથે જ શાળાનું બોર્ડ જોવા મળે છે. જે એકદમ ભંગાર હાલતમાં દેખાઈ રહ્યું છે. બોર્ડમાં શાળાનું નામ અદૃશ્ય હાલતમાં છે. જેમ આ મકાન ખંડેર હાલતમાં છે તેવી જ રીતે આ શાળાના બોર્ડની હાલત થઈ ગઈ છે.

ખંડેર હાલતમાં ચાલતી આ શાળાની ઉપરના બંને માળ ખાલી છે જેની સાબિતી બતાવે છે કે આ વિસ્તારમાં રહેવાની હિંમત કોઈ ન કરી શકે ત્યારે આટલા વર્ષોથી સતત જર્જરિત મકાનોમાં આ શાળા કેમ ચલાવવી પડે બાળકોના જીવના જોખમે. આ શાળા કેમ ચાલી રહી છે?

નોટિસોના બોર્ડ લગાવવા છતાં કોઈ સળવળતુ કેન નથી... જીવના જોખમે બાળકોને શાળામાં કે મોકલવામાં આવે છે... બાળકો સાથે ગંભીર અકસ્માત નોતરશે તો કોણ જવાબદારી લેશે..? જેમ બને તેમ ઝડપી કાર્યવાહી અને યોગ્ય પગલા લઈને આ જર્જરિત મકાનમાંથી રહેવાસીઓ અને શાળાને તાળા વાગવા જ જોઈએ.




### ખંડેર મકાનોમાં શાળા કેમ ચાલું છે ?

સરસ્વતી શિશુ મંદિર, સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર, સેક્ટર-૧૭ના ટ્રસ્ટી સાથે વાતચીત કરતા એવો જવાબ મળ્યો હતો કે આ બાબતે રૂબરૂ મળીને જ હું વાત કરીશ ફોન પર કોઈ માહિતી નહી મળે. આટલા ગંભીર વિષય પર પણ જવાબદાર માણસ તરીકે જવાબ આપવામાં આવતો નથી.

### ''મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે પણ મારૂ જીવન મારા શિક્ષકને આભારી છે''

શહેરમાં ચાલતી આ શિશુ વિદ્યામંદિર શાળામાં એક સુંદર સુવિચાર શાળાના બાળકો દ્વારા બ્લેક બોર્ડ પર લખવામાં આવ્યો છે કે ''મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે પણ મારૂ જીવન મારા શિક્ષકને આભારી છે'' શિક્ષકો પ્રત્યે બાળકોને કેટલી બધી લાગણી હોય છે તેઓ પોતાના શિક્ષણને ભગવાન માનતા હોય છે. ગુરૂનો દરજ્જો આપતા હોય છે પરંતુ શિક્ષકની પણ જવાબદારી બને છે કે પોતાના વિદ્યાર્થીઓની કાળજી રાખે, દેખરેખ રાખે, માત્ર પૈસા કમાવવાની ભાવના ન હોવી જોઈએ.

# હોલીકાદહન કાર્યક્રમમાં સાવચેતી રાખવા મનપાની અપીલ

બે વર્ષની કોવિડ મહામારી બાદ હવે સ્થિતિ સામાન્ય થવા જઈ રહી છે ત્યારે નાગરિકો હોળી અને ધૂળેટીના ઉત્સવોની ઉજવણી હરખભેર કરી શકશે. રંગ અને ઉલ્લાસના આ ઉત્સવની ઉજવણી દરમિયાન કેટલિક બાબતોની કાળજી લેવા માટે નાગરિકોને અપીલ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર પાલિકાએ જણાવ્યું દરેક સોસાયટીમાં અગલ અગલ રીતે હોલિકાદહન કાર્યક્રમોનું આયોજન ન કરતા સામુહિક રીતે જાહેર મેદાનો કે ખુલ્લા પ્લોટમાં હોલિકાદહન કરવું, હોલિકાદહન દરમિયાન પર્યાવરણને નુકશાન ન થાય તે માટે લાકડાનો ઉપયોગ ઓછો કરીને સાંકેતિક હોલિકાદહનનો ઉત્સવ ઉમંગભેર ઉજવી શકાય તેવા પ્રયાસ કરવા જોઈએ, હોલિકાદહન દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે સ્થળની પસદંગી કરતી સમયે આસપાસ વીજ લાઈન કે ગેસલાઈન ન હોય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ, હોલિકાદહન અને ધૂળેટીના કાર્યક્રમમાં રાજ્યસરકારની કોરોના મહામારીની ગાઈડલાઈનનું ચૂસ્ત પણે પાલન કરવું જોઈએ.

# વસંતોત્સવમાં શ્રી આદિત્ય ફાઈન આર્ટસ રંગોળી ગ્રુપનું અદભૂત રંગોળી આર્ટ




ગાંધીનગર, તા.૧૫ શહેરમાં સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે. જેમાં ૧૯૦થી પણ વધારે સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

આ સ્ટોલમાં વિવિધ કલાકૃતિઓ પણ જોવા મળી રહી છે. જેમાં વડોદરાના હિન્ડોરકર્સ શ્રી આદિત્ય ફાઈન આર્ટસ રંગોળી ગ્રુપ દ્વારા ૪''ટ૩''ના માપમાં સાત જેટલી રંગોળીઓ કરવામાં આવી છે. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ, મહાત્મા ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, લોકમાન્ય ટિળક, ચંદ્રશેખર આઝાદ, શહિદ ભગતસિંહની પ્રતિકાત્મક ચિત્રોની ગોઠવણી કરી સુંદર રીતે રંગોળી ચિત્રો તૈયાર કર્યા છે.

આ પ્રદર્શન તૈયાર કરવા બદલ શ્રી આદિત્ય ફાઈન આર્ટસના સ્થાપક અને મેન્ટર રાજેન્દ્ર હિન્ડોરકર્સના માર્ગદર્શન હેઠળ ગ્રુપના કલાકારોમાં રજનીકાંત અગ્રાવત, વિરેન્દ્રસિંહ રાઠોડ, સૃજન હિન્ડોરકર, રાજેસ રાઠવા, વત્સલ પટેલ, હર્ષ રાણા, રાજેન્દ્ર પી. હિન્ડોરકરે રંગોળી ચિત્રોમાં પોટ્રેટમાં લાક્ષણિકતા તથા હાવભાવ, ધ્યાનપાત્ર આબેહૂબતા ખૂબ જ બારીકાઈથી તૈયાર કરી છે.

# ગાંધીનગર અને આસપાસના નાગરિકો માટે વિવિધ વિસ્તારમાં આયુષમાન કાર્ડ અને આધાર નોંધણી-સુધારા કેમ્પ

દેશના નાગરિકોને આરોગ્ય સુવિધા અને સારવાર મળી રહે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આયુષમાન કાર્ડની શરૂઆત કરવામાં આવેલી છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વસતા લાભાર્થીઓની સગવડ માટે મહાનગરપાલિકા દ્વારા આયુષમાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલા આધાર કેમ્પની સાથે આયુષમાન કાર્ડની પણ નોંધણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તથા આસપાસમાં રહેતા નાગરિકોની સગવડ તથા જરૂરિયાતને ધ્યાને લઈને આધાર કેમ્પની સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષમાન કાર્ડ માટેની નોંધણી પ્રક્રિયા પણ કરવામાં આવી રહી છે. જેમાં અરજદાર નવા આધાર માટે રજીસ્ટ્રેશન કરી શકશે અને સુધારા પણ કરાવી શકશે. આ ઉપરાંત આયુષમાન કાર્ડ માટે પણ નોંધણી કરાવી શકશે. અરજદારો પોતાની નજીકની પંચાયત ઓફિસમાં આ કેમ્પનો લાભ લઈ શકશે. સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી નીચે દર્શાવેલ સ્થળે વિના મૂલ્યે આ સુવિધાનો લાભ લઈ શકાશે.

| નંબર | તારીખ | સ્થળ (પંચાયત ઓફિસ) |
|---|---|---|
| ૧ | ૧૪-૦૩-૨૦૨૨ થી ૧૬-૦૩-૨૦૨૨ | રાંધેજા |
| ૨ | ૧૭-૦૩-૨૦૨૨ થી ૨૨-૦૩-૨૦૨૨ | બોરીજ |
| ૩ | ૨૩-૦૩-૨૦૨૨ થી ૨૫-૦૩-૨૦૨૨ | પાલજ |
| ૪ | ૨૮-૦૩-૨૦૨૨ થી ૩૦-૦૩-૨૦૨૨ | બાસણ |
| ૫ | ૩૧-૦૩-૨૦૨૨ થી ૦૪-૦૪-૨૦૨૨ | ઈન્દ્રોડા |
| ૬ | ૦૫-૦૪-૨૦૨૨ થી ૦૭-૦૪-૨૦૨૨ | પોર |
| ૭ | ૦૮-૦૪-૨૦૨૨ થી ૧૨-૦૪-૨૦૨૨ | સરગાસણ |
| ૮ | ૧૩-૦૪-૨૦૨૨ થી ૧૮-૦૪-૨૦૨૨ | કુડાસણ |
| ૯ | ૧૯-૦૪-૨૦૨૨ થી ૨૧-૦૪-૨૦૨૨ | ધોળાકુવા |
| ૧૦ | ૨૨-૦૪-૨૦૨૨ થી ૨૬-૦૪-૨૦૨૨ | રાંદેસણ |
| ૧૧ | ૨૭-૦૪-૨૦૨૨ થી ૨૯-૦૪-૨૦૨૨ | રાયસણ |
| ૧૨ | ૩૦-૦૪-૨૦૨૨ થી ૦૪-૦૫-૨૦૨૨ | કોબા |
| ૧૩ | ૦૫-૦૫-૨૦૨૨ થી ૦૭-૦૫-૨૦૨૨ | સુઘડ |
| ૧૪ | ૦૯-૦૫-૨૦૨૨ થી ૧૧-૦૫-૨૦૨૨ | ભાટ |
| ૧૫ | ૧૨-૦૫-૨૦૨૨ થી ૧૩-૦૫-૨૦૨૨ | કોટેશ્વર |
| ૧૬ | ૧૬-૦૫-૨૦૨૨ થી ૧૮-૦૫-૨૦૨૨ | ઝુંડાલ |
| ૧૭ | ૧૯-૦૫-૨૦૨૨ થી ૨૧-૦૫-૨૦૨૨ | ખોરજ |

